## *વિસાવદરના ત્રીજા અધિક જીલ્લા અને સત્ર ન્યાયાધીશની કોર્ટમાં.*

સ્પે. પોક્સો કેસ નં..૪/૨૦૨૪

હાજર રહ્યા–

આરોપી તરફે વિ. વ. શ્રી કે. બી. જોષી

ફરિયાદપક્ષ/શ્રી સરકાર તરફે વિ. પી.પી. શ્રી વી. એન. માઢક

**<u>આંકઃ–૨૪ ની ડીસ્ચાર્જ અરજી અન્વયે હુકમ</u>**

**૧.** આ ગુનાના કામે હાલના આરોપી વિરૂદ્ધ વિસાવદર પો. સ્ટે. ગુ. ર. નં.૧૧૨૦૩૦૭૦૨૩૦૬૭૬/૨૦૨૩ થી ઈ. પી. કોડની કલમ ૩૫૪, ૫૦૬ (૨), ૩૭૬ (૨) એફ, ૩૭૬ (૩) તથા પોક્સો એક્ટની કલમ ૪, ૬, ૮ મુજબનો ગુનો નોંધાયેલો.

**૨.** આ કામે ત. ક. અમલદારે સદર ગુનાના સંદર્ભે આરોપી વિરુદ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલ, જે સ્પે. પોક્સો કેસ નં.૪/૨૦૨૪ થી નોંધાયેલ છે. ત્યારબાદ આરોપીપક્ષે તેમના વિ. વ. શ્રી કે. બી. જોષી દ્વારા આંક–૨૪ થી ડિસ્ચાર્જની હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે.

૩. આરોપીની આંક–૨૪ ની અરજીના અનુસંધાને આ કામના ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને નોટીસ કરવામાં આવેલ છે.

**૪.** આરોપીપક્ષે તેમના વિ. વ. શ્રી કે. બી. જોષી દ્વારા આંક–૨૪ ની ડીસ્ચાર્જની અરજી સબંધે તેમની હાલની અરજી મુજબની વિગતો દોહરાવી દલીલો કરતા જણાવેલ છે કે, હાલના આરોપી સામે એકાદ મહીના પહેલા

બપોરના સમયે ગુનો બન્યાની હકીકત જણાવી તા.૨૫–૧૨–૨૦૨૩ ના કલાક ૧૯/૩૦ વાગ્યે જાહેર કરેલ છે અને ફરિયાદ ૧ માસ બાદ મોડી દાખલ કરવામાં આવેલ છે અને તા.૨૬–૧૨–૨૦૨૩ ના રોજ કલાક ૧૬.૦૦ કલાકે આરોપીને અટક કરવામાં આવેલ છે. હાલના કામે ઇ.પી.કોડની કલમ ૩૭૬ (૨) એફ, ૩૭૬ (૩) તથા પોક્સો એક્ટની કલમ ૪, ૬ નો ઉમેરો કરવામાં આવેલ છે અને મુળ ફરિયાદમાં ધી ઇ. પી. કોડની કલમ ૩૫૪, ૫૦૬ (૨) તથા પોક્સો એકટની કલમ ૮ મુજબની ફરિયાદ દાખલ થયેલ હતી. આમ, આ કામમાં મુળ ફરિયાદીએ લાંબા સમય બાદ ખોટા આક્ષેપના આધારે ઇ.પી.કોડની કલમ ૩૭૬ (૨) એફ, ૩૭૬ (૩) તથા પોક્સો એકટની કલમ ૪, ૬ ની કલમનો ઉમેરો કરવામાં આવેલ છે. હાલના કામે આરોપી વિરુદ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ તથા અન્ય કાગળોનો અભ્યાસ કરવામાં આવે તો હાલના આરોપી દ્વારા કોઇ બળાત્કાર કરવામાં આવેલ નથી તેવું સ્પષ્ટ થાય છે. આરોપી ૧૯ વર્ષની નાની ઉંમરના છે અને મજુરી કામે કરી તેમનો ધંધો કરે છે અને તેમના ઉપર તેમના પરીવારની જવાબદારી છે. કેસ કમીટ થયાની તારીખથી ૬૦ દીવસની અંદર આરોપી ડીસ્ચાર્જ માટે અરજી કરી શકે તેથી હાલની અરજી લાવેલાનું જણાવી આરોપીને હાલના કેસમાંથી ઇ. પી. કોડની કલમ ૩૭૬ (૨) એફ, ૩૭૬ (૩) તથા પોક્સો એક્ટ કલમ ૪, ૬ ના ચાર્જમાંથી ડીસ્ચાર્જ કરવા યોગ્ય હુકમ ફરમાવવા તથા આ અરજીને અનુરૂપ મળી શકતી આરોપીના લાભની દાદ અપાવવા અરજ કરેલ છે.

૫. ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આરોપીની હાલની આંક–૨૪ વાળી ડીસ્ચાર્જ અરજી સામે સખત વાંધો કરતા જણાવેલ છે કે, આરોપી સામે પ્રથમ દર્શનીય ગુનો બનતો હોય જેથી તપાસ એજન્સીએ તપાસ કરી

આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે, વધુમાં હાલના કામે આરોપી વિરુદ્ધ પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ છે. તેમજ તેઓએ દસ્તાવેજી પુરાવાઓ પણ આ કામે રજુ કરેલા છે. પ્રથમ દર્શનીય રીતે આરોપીએ ગુનો કરેલ ન હોવાનું હાલના તબકકે માનવાને કોઈ કારણ રહેલ નથી અને આરોપી ગુનેગાર છે કે નહિ તે પુરાવાનો વિષય હોય તેવા સંજોગોમાં અરજદાર/અરોપીને બિનતહોમત હાલના તબકકે છોડી ના શકાય, જેથી આરોપીની હાલની અરજી મંજુર થવા પાત્ર નથી વિગેરે હકિકતો ધ્યાને લઈ આરોપીની આંક–૨૪ ની અરજી રદ્દ કરવા સખત વાંધો દર્શાવેલ છે.

૬. આ કામે રજૂ થયેલ પક્ષકારોની દલીલો, એફ.આઈ.આર., ચાર્જશીટના કાગળો તથા બંન્ને પક્ષની રજૂઆતો ધ્યાને લેતા, આ કામના ભોગબનનાર સગીર ની માતા/મુળ ફરીયાદીએ આ કામની ત.ક.અમલદાર પો.ઈ.શ્રી, વિસાવદર સમક્ષના તા.૧૩–૦૨–૨૦૨૪ ના રોજ આપેલા નિવેદન, ભોગબનનારના નિવેદનોની વિગતો અને ભોગબનનારે ડોકટર સમક્ષ આપેલી તેની હિસ્ટ્રીની વિગતો અને આરોપીએ ડોકટર સમક્ષ આપેલી તેની હિસ્ટ્રીની વિગત જોતા અને ફરીયાદપક્ષે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ નિ.ન.**૧૩/૧** થી નિ.ન.**૧૩/૨૪** સુધીનાની વિગતો અને કેસના રેકર્ડને વિચારણામાં લેતા સદર કેસની હકિકતો હાલના આરોપી ઉપર પ્રથમ દર્શનિય કેસ હોવાનું અને ફરીયાદીપક્ષના પુરાવાઓ ઉપરથી ચાર્જફ્રેમ કરી શકાય તેટલા પ્રમાણમાં પુરાવો ઉપલબ્ધ હોય ત્યારે પુરતા કારણો હોવાનું અત્રેની અદાલતનું માનવાનું જણાય આવે છે.

વધુમાં, હાલના આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ***R/CR.MA (For After Chargesheet) No.10354 of 2024*** કરેલી તે વિથ્રડો કરવામાં આવેલી છે. તેમજ, હાલની ડિસ્ચાર્જ અરજીમાં જણાવેલ કારણો હાલના

તબક્કે યોગ્ય, ન્યાયી અને વાજબી જણાય આવતા ન હોય આરોપીની હાલની ડિસ્ચાર્જ અરજી અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

**૧.** આથી, આરોપીના વિ. વ. શ્રી દ્વારા આપવામાં આવેલ આંક–૨૪ ની ડીસ્ચાર્જ અરજી **ના–મંજૂર** કરવામાં આવે છે.

**૨.** આરોપી ઉપર ઈ. પી. કોડની કલમ ૩૫૪, ૫૦૬ (૨), ૩૭૬ (૨) એફ, ૩૭૬ (૩) તથા પોક્સો એક્ટની કલમ ૪, ૬ અને ૮ મુજબના ગુનાઓ અંગેનું તહોમતનામું ફરમાવવાનું ન્યાયોચિત જણાય છે.

આ હુકમ આજ તા.૧૭ મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

Date: 17-02-2025
Place: Visavadar.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
3rd Addl. Sessions Judge, Visavadar.
(UID No.GJ00672)